### ૧૨ ઓગસ્ટથી ૧૭ સપ્ટેમ્બર સુધી સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

# અમદાવાદથી ‘વંદે માતરમ્ યુવા ઉદ્ઘોષ અભિયાન’નો ભવ્ય પ્રારંભ

**યુવાનોમાં** રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રનિષ્ઠા અને રાષ્ટ્રગૌરવની ભાવના પ્રબળ બનાવવાનો પ્રયાસ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા દ્વારા યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રનિષ્ઠા અને રાષ્ટ્રગૌરવની ભાવના પ્રબળ બનાવવાના ઉદ્દેશથી ‘વંદે માતરમ્ યુવા ઉદ્ઘોષ અભિયાન’નો પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતેથી ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે રચેલું ‘વંદે માતરમ્’ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દેશભક્તિનું શક્તિશાળી પ્રતીક બન્યું હતું. સૌપ્રથમ વખત સંપૂર્ણ ‘વંદે માતરમ્’ના ગાન સાથે આવું ભવ્ય અભિયાન યોજાઈ રહ્યું છે. તેની ગૌરવશાળી પરંપરા અને રાષ્ટ્રભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવી દરેક દેશપ્રેમી નાગરિકની જવાબદારી છે.

પ્રદેશ યુવા અધ્યક્ષ તથા સાંસદ ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું કે 12 ઓગસ્ટથી 17 સપ્ટેમ્બર સુધી સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજાશે. ‘વંદે માતરમ્’ માત્ર ગીત કે ઉદ્ઘોષ નહીં, પરંતુ ભારતમાતા પ્રત્યેના પ્રેમ અને રાષ્ટ્રગૌરવનું પ્રતીક છે.

યુવા ભાજપ પ્રભારી કિરીટ પટેલે કહ્યું કે, “વંદે માતરમ્ માત્ર ગીત નથી, પરંતુ એક મંત્ર અને દેશપ્રત્યેની ભાવના છે.” અભિયાન દ્વારા યુવાનોને સંપૂર્ણ ગીત, તેના ભાવાર્થ અને ઐતિહાસિક મહત્ત્વથી માહિતગાર કરવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓ અને શહેરોમાં યુવા મોરચાના કાર્યકરો દ્વારા જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે. શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, યુવાનો અને સામાજિક સંસ્થાઓને પણ અભિયાન સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. ‘વંદે માતરમ્’ના સામૂહિક ગાન, સંવાદ, રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા કાર્યક્રમો તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોમાં દેશ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસાવાશે.

## આઈટીએમ વૉકેશનલ યુનિવર્સિટીમાં યુજીસી-માન્ય ડિગ્રી સાથે વ્યાવસાયિક શિક્ષણ પર ભાર


( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વ્યાવસાયિક શિક્ષણને માત્ર ટૂંકા ગાળાના સર્ટિફિકેટ કોર્સ સુધી મર્યાદિત માન્યતાને બદલવાના હેતુથી આઈટીએમ વૉકેશનલ યુનિવર્સિટીએ શૈક્ષણિક અભ્યાસ અને ઉદ્યોગલક્ષી તાલીમનું સંકલન કર્યું છે. ભારતની પ્રથમ વૉકેશનલ યુનિવર્સિટી તરીકે તે યુજીસી-માન્ય ડિગ્રી પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે, જેથી વિદ્યાર્થીઓને ડિગ્રી સાથે રોજગારલક્ષી વ્યવહારુ કૌશલ્યો પણ પ્રાપ્ત થાય છે. યુનિવર્સિટી એન્જિનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સ, મેનેજમેન્ટ, કોમર્સ, હૉસ્પિટાલિટી અને કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં અંડરગ્રેજ્યુએટ તથા પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમો આપે છે. તેમાં બી.ટેક., બીબીએ, બીસીએ, બી.કોમ., હૉસ્પિટાલિટી મેનેજમેન્ટ અને વિવિધ સ્પેશિયલાઈઝેશન સાથે એમબીએનો સમાવેશ થાય છે. ડિપ્લોમા-પ્લસ-ડિગ્રી તથા ઈન્ટિગ્રેટેડ બી.ટેક. જેવા વિકલ્પો પણ ઉપલબ્ધ છે. શિક્ષણ મોડેલમાં લેબોરેટરી સેશન, પ્રેક્ટિકલ વર્કશોપ, લાઈવ ઈન્ડસ્ટ્રી પ્રોજેક્ટ્સ અને ઈન્ટર્નશિપને મહત્વ આપવામાં આવે છે. વાસ્તવિક પ્રોજેક્ટ્સ પર કામ કરીને વિદ્યાર્થીઓ ઉદ્યોગની જરૂરિયાતો સમજે છે અને કાર્યક્ષેત્ર માટે આત્મવિશ્વાસ તથા કૌશલ્ય વિકસાવે છે.

# વડોદરામાં ઈ-બસ સેવાઓનો વ્યાપ વધશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ટ્રાન્સપોર્ટ મેનેજર (વર્ગ-૧)ની ભરતી અને ઈલેક્ટ્રિક બસના ચાર્જિંગ સ્ટેશનોના મુદ્દે ભારે ચર્ચા જામી હતી. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ સ્પષ્ટતા કરી હતી કે, શહેરમાં દોડતી ઈ-બસ સેવા માત્ર શહેરની ભૌગોલિક હદ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ વુડા હેઠળ આવતા આસપાસના ૨૫ કિલોમીટર સુધીના વિસ્તારને આવરી લેશે. સભામાં જીપીએમસી એક્ટ હેઠળ સાતમા પગાર પંચના પે મેટ્રિક્સ (રૂ. ૬૭,૭૦૦ થી ૨,૦૮,૭૦૦) મુજબ ટ્રાન્સપોર્ટ મેનેજરની ભરતી માટે રાજ્ય સરકારની મંજૂરી મેળવવાની દરખાસ્ત રજૂ થઈ હતી. ચર્ચા દરમિયાન કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશીએ રજૂઆત કરી હતી કે, નવી બસો સામે પૂરતા ચાર્જિંગ સ્ટેશનો નથી. અગાઉ ગોત્રીમાં ચાર્જિંગ સ્ટેશન સામે સ્થાનિકોનો વિરોધ થયો હતો, જેથી નવા સ્ટેશનો બનાવતા પહેલાં યોગ્ય સ્થળ પૂર્તતા કરવી જરૂરી છે.




## બેંકે મારેલુ સીલ તોડી દંપતીએ ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી કબજો મેળવ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.14

વડોદરા શહેરના સયાજીપુરા રોડ પર આવેલા ઉપવન વિલામાં બેંક દ્વારા કાયદેસર રીતે સીલ કરવામાં આવેલા મકાનનું સીલ તોડી ફરીથી કબજો દંપતી દ્વારા કરવામાં આવ્યો હતો. હોમ લોનના હપ્તા ભરવામાં નિષ્ફળ રહેતાં કોર્ટના હુકમથી ઈન્ડિયન ઓવરસીઝ બેંકે મિલકતનો કબજો મેળવી સીલ કર્યું હતું. જોકે, બેંકના સીલ સાથે છેડછાડ કરી દંપતીએ મકાનમાં ફરી પ્રવેશ કરી ગેરકાયદે કબજો જમાવ્યો હોવાનો આક્ષેપ હોય બાપોદ પોલીસ મથકે દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

સયાજીપુરા રોડ વિલા વિભાગ-2 ખાતે રહેતા કેતન ચંદ્રકાન્ત દવે અને તેમના પત્ની રીનાબેન દવેએ કારેલીબાગ સ્થિત ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાંથી જુલાઈ 2023માં રૂ.25.59 લાખની હોમ લોન લીધી હતી. લોન પેટે દંપતીએ પોતાનું રહેણાંક મકાન બેંક પાસે ગીરો મૂક્યું હતું.







